ગૃહમાં રજૂ કર્યા તારીખ:– ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

सत्यमेव जयते

# જાહેર સાહસો માટેની સમિતિ
# ત્રીજો અહેવાલ
# પંદરમી ગુજરાત વિધાનસભા

**(ચૌદમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના સોળમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે / બોર્ડે લીધેલાં પગલાં પરનો અહેવાલ)**

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર
૨૦૨૪

ગૃહમાં રજૂ કર્યા તારીખઃ– ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

सत्यमेव जयते

# જાહેર સાહસો માટેની સમિતિ
# ત્રીજો  અહેવાલ
# પંદરમી ગુજરાત વિધાનસભા

**(ચૌદમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના સોળમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે / બોર્ડે લીધેલાં પગલાં પરનો અહેવાલ)**

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર
૨૦૨૪

HB-765-20-2024-SSD

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# જાહેર સાહસો માટેની સમિતિ
## (૨૦૨૩ – ૨૦૨૪)

## પ્રમુખશ્રી

**શ્રી ગણપતસિંહ વસાવા**

## સભ્યો

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી ઈમરાન ખેડાવાલા
શ્રી બાબુભાઈ પટેલ
શ્રી જે. વી. કાકડીયા
શ્રી મહેશ કસવાલા
શ્રી હીરાભાઈ સોલંકી
શ્રી રમેશભાઈ કટારા
શ્રી કેતનભાઈ ઈનામદાર
શ્રી યોગેશભાઈ પટેલ
શ્રી અરૂણસિંહ રણા
શ્રી રમેશભાઈ મિસ્ત્રી
શ્રી પ્રવિણભાઈ ઘોઘારી
શ્રી પૂર્ણેશ મોદી
શ્રી જીતુભાઈ ચૌધરી

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ
શ્રી મૃગેશ એસ. દવે, ઉપ સચિવ
શ્રીમતી પલક જે. ભાલોડિયા, સેકશન અધિકારી

# અહેવાલ

૧. હું જાહેર સાહસો માટેની સમિતિનો પ્રમુખ સમિતિ વતી સમિતિએ કરેલ કાર્યવાહીનો નીચે મુજબનો અહેવાલ રજૂ કરું છું.

૨. ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિનો સોળમો અહેવાલ તા.૮મી માર્ચ, ૨૦૨૨ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતો. ઉક્ત સોળમા અહેવાલમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડની કામગીરી સંબંધમાં સમિતિએ કરેલ તપાસના અંતે સમિતિએ કુલ ૪ ભલામણો કરેલ હતી.

૩. ઉક્ત સોળમા અહેવાલમાં ભલામણ ફકરા ક્રમાંક:૪થી સમિતિએ વેરાવળમાં ફિશીંગ હાર્બર બનાવવાની કામગીરી અને પોરબંદર ખાતે બ્રેક વોટર વિકસાવવાની કામગીરી પૂર્ણ થઇ છે કે કેમ તથા વેરાવળની અવેજીમાં કાર્ગો વહન થઇ શકે તેવું બીજું બંદર ઉભું કરવા સંબંધમાં માહિતી સમિતિને પૂરી પાડવા ભલામણ કરી હતી.

૪. ઉક્ત ભલામણ સંબંધમાં વિભાગે સમિતિને તા.૦૫/૦૬/૨૦૨૩ ના રોજ મોકલી આપેલ સાહિત્યમાં જણાવ્યા મુજબ વેરાવળ ખાતે ફેઇઝ–૨ અંતર્ગત મત્સ્યબંદર વિકસાવવાની કામગીરી ગુજરાત મેરીટાઇમ બોર્ડને મત્સ્યોદ્યોગ ખાતા તરફથી ડીપોઝીટ વર્ક તરીકે સોંપવામાં આવેલ છે તથા વેરાવળ નજીક છારા બંદર ખાતે પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ (પીપીપી) અંતર્ગત BOOTના ધોરણે બંદર વિકસાવવાની કામગીરી પ્રગતિમાં છે.

ઉક્ત ભલામણ સંબંધમાં તપાસ હાથ ધરવા તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજની સમિતિની બેઠકમાં બોર્ડના પ્રતિનિધિએ સમિતિની પૃચ્છાના પ્રત્યુતરમાં જણાવ્યું હતું કે, વેરાવળ ખાતે મત્સ્ય બંદર માટેની કામગીરી માર્ચ–૨૦૨૩માં શરુ કરી દેવામાં

આવી છે અને હાલ તેમાં ૭.૯૦ ટકા જેટલી ભૌતિક પ્રગતિ છે. ૩ વર્ષની સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવાનું છે અને સમગ્ર પ્રોજેક્ટ રૂા. ૨૨૬ કરોડનો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે કાર્ગો માટે ગીર સોમનાથ ખાતે છારામાં પી.પી.પી. (પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ) ધોરણે બંદર વિકસાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે, જેમાં મુખ્ય વિકાસકાર સાપુરજી પાલનજી એન્ડ કંપની લિ. દ્વારા વાર્ષિક આઠ મિલિયન મેટ્રિક ટન (MMTPA)ની ક્ષમતામાં કામગીરી થઈ શકે તેવા પ્રકારનું ટર્મિનલ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત એચ.પી.સી.એલ. એલ.એન.જી.એ પણ છારા ખાતે વાર્ષિક ૫ મિલિયન મેટ્રિક ટન (MMTPA)ની ક્ષમતાવાળું ટર્મિનલ તૈયાર કર્યું છે જેની કમિશનિંગની કામગીરી હાલ ચાલુ છે. આ બંને ટર્મિનલ માટે જગ્યા ભેગી છે જેમાં સાપુરજી પાલનજી મુખ્ય કંસેશનર/વિકાસકાર અને એચ.પી.સી.એલ. સબ કંસેશનર તરીકે છે. સમિતિના માન. પ્રમુખશ્રીએ પોરબંદર ખાતે બ્રેક વોટરની કામગીરી સંબંધમાં પૃચ્છા કરતા નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ઈસ્ટર્ન બ્રેક વોટરની કામગીરી ભારતીય નૌસેના દ્વારા કરવામાં આવનાર છે અને હાલ તે યોજના મંજુરી હેઠળ છે. જયારે વેસ્ટર્ન બ્રેક વોટરનું કામ ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ઘણા સમય પહેલાં પૂર્ણ કરવામાં આવેલ છે. ત્યાં ઇન્ડિયન નેવી, સૌરાષ્ટ્ર સિમેન્ટ, કોસ્ટ ગાર્ડની તથા ગુજરાત મેરીટાઇમ બોર્ડની જેટીઓ આવેલી છે. સમિતિએ જાફરાબાદ બંદર ખાતે માછીમારી માટે નાની જેટીઓને કારણે પાર્કિંગના પ્રશ્નના નિરાકરણ માટે ચિંતા વ્યકત કરતા નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં મત્સ્યોદ્યોગ ખાતાના ડીપોઝીટરી કામ તરીકે ગુજરાત મેરીટાઇમ બોર્ડએ ત્યાં જેટી બનાવેલી. એટલે ફિશરીઝના કામ માટે જે-તે વિભાગની વહીવટી મંજુરી મળ્યા બાદ ગુજરાત મેરીટાઇમ બોર્ડ કામગીરી કરી શકશે. **આમ સમિતિને માછીમારી રોજગારીના વિકાસ માટે જેટીઓના**

**વિસ્તૃતીકરણની તાતી જરૂરિયાત જણાય છે આથી મત્સ્યોદ્યોગ ખાતાના પરામર્શમાં જાફરાબાદ અને પીપાવાવ ખાતે જેટીઓના એક્ષપાન્શન માટે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે.**

૫. ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત અહેવાલમાં ભલામણ ફકરા ક્રમાંક: ૫થી સમિતિએ નારગોલ બંદરને વિકસાવવાની કામગીરી ત્વરાથી પૂર્ણ થાય તે દિશામાં વિભાગ/ બોર્ડ દ્વારા કાર્યવાહી કરવા ભલામણ કરી હતી.

ઉક્ત ભલામણ સંબંધમાં વિભાગે સમિતિને તા. ૦૫/૦૬/૨૦૨૩ ના રોજ મોકલી આપેલ સાહિત્યમાં જણાવ્યા મુજબ નારગોલ બંદરને પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) અંતર્ગત BOOTના ધોરણે વિકસાવવા માટે હાથ ધરેલ ટેન્ડર પ્રક્રિયામાં કોઈ ખાનગી વિકાસકારે પ્રતિસાદ આપેલ નથી.

ઉકત ભલામણ સંબંધમાં તપાસ હાથ ધરવા તા. ૧૮/૧૨/૨૦૨૩ ના રોજની સમિતિની બેઠકમાં બોર્ડના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે નારગોલ બંદરને વિકસાવવા માટે બે વખત ટેન્ડર બહાર પાડીને પ્રયત્નો કરવા છતાં ફેબ્રુઆરી- ૨૦૨૨ સુધી કોઈ વિકાસકારે રસ દાખવ્યો નહીં એટલે તેમાં આગળ વધી શકાયું નથી. આના સંબંધમાં તારણો જેવાં કે ટેન્ડરની જોગવાઈમાં ફેરફાર કરવો કે અન્ય બાબતો છે કે જેને કારણે વિકાસકારો રસ દાખવી રહ્યા નથી તે શોધવા તથા તેના નિરાકરણ સંબંધે ઉપાયાત્મક પગલા સુચવવા ગુજરાત મેરી ટાઇમ બોર્ડમાં એક આંતરિક સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિએ ઉક્ત બાબતોનો અભ્યાસ કરીને એક રીપોર્ટ પણ તૈયાર કર્યો છે જે હાલ બંદરો અને વાહનવ્યવહાર વિભાગને સાદર

કરવાના તબક્કે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે નારગોલ બંદરને વિકસાવવા માટે જે કોઈ વિકાસકાર પ્રોજેક્ટ હાથ પર લેશે એમણે પર્યાવરણ અંગેની મંજુરી સાથે લાસ્ટ માઈલ રેલ્વે કનેક્ટિવિટીની વ્યવસ્થા પણ કરવાની રહેશે. ટેન્ડરની આ પ્રકારની જોગવાઈને કારણે પણ તેને પ્રતિસાદ ઓછો મળ્યો હોય તેવું જણાય છે. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે આઈ.આઈ.ટી. મદ્રાસે તૈયાર કરેલ પ્રીફીઝીબલ રિપોર્ટ મુજબ આ પ્રોજેક્ટમાં અંદાજે રૂા.૪૫૦૦ થી રૂા.૫૦૦૦ કરોડ સુધીનું મૂડીરોકાણ કરવાનું થાય છે. સમિતિએ આ સમયે રેલ્વે કનેક્ટિવિટી અંગેની વ્યવસ્થા કરવાની જવાબદારી સરકારે લેવી જોઈએ તેવી લાગણી વ્યક્ત કરતા બોર્ડના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ૨૦૨૨માં ગુજરાત મેરીટાઇમ બોર્ડએ GRID (ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની) સાથે સંયુકત સાહસ દ્વારા લાસ્ટ માઈલ કનેક્ટિવિટી માટેનો MOU કર્યો છે અને તેમાં આગળ પણ વધી રહ્યા છીએ. આમ છતાં તેઓએ સમિતિની લાગણીને આવકારીને સરકાર સુધી પહોંચાડવાની ખાતરી આપી હતી. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે પ્રીબીડ કોન્ફરન્સમાં જે પ્રોસ્પેકટીવ/આશાસ્પદ/સંભવિત બીડર્સ આવ્યા હતા તેમણે પણ કેટલાક સૂચનો કર્યા હતા. જે પૈકી કન્સેશનની ટર્મ ૩૦ વર્ષથી વધુ રાખવા અંગેનું મહત્વનું સૂચન કર્યું હતું. ત્યારબાદ તેમણે જણાવ્યું હતું કે આંતરિક સમિતિની સાથે એક અર્નેસ્ટ એન્ડ યંગ કંપનીને પણ નિગમના નોલેજ પાર્ટનર તરીકે લીધી છે. તેઓએ પણ આ સૂચનોનો સઘન અભ્યાસ કર્યો છે અને તેને આધારે તેમના દ્વારા તૈયાર કરાયેલ રિપોર્ટને સરકારમાં સુપરત કરવાની કામગીરી હાલ ચાલુ છે. સમિતિના માન. પ્રમુખશ્રીએ નારગોલ બંદરના વિકાસ માટે અવરોધરૂપ જણાતા હોય તેવા

અન્ય કારણો સંબંધમાં પૃચ્છા કરતા બોર્ડના અધિકારીએ જણાવ્યું હતું કે જમીન સંપાદનનો મુદ્દો/પ્રશ્ન પણ છે. **સમિતિને લાગે છે કે નારગોલ બંદરના વિકાસ માટે સરકાર/બોર્ડને નાના–મોટા અવરોધો જણાયા છે પરંતુ તેને દૂર કરવા બોર્ડ જ્યારે નોલેજેબલ એજન્સીની તેમજ પોતાની આંતરિક સમિતિની સેવાઓ લઈને આ બાબતે પુન: પ્રયાસો કરી રહ્યું છે તેમજ સરકાર પણ નારગોલ બંદરના વિકાસ માટે પાછલા ઘણા વર્ષોથી જહેમત ઉઠાવી રહી છે ત્યારે આ યોજનાને સાકાર કરવા તથા દક્ષિણ ગુજરાતના વિકાસને અગ્રેસર બનાવવાની દિશામાં વિભાગ/બોર્ડ પ્રાથમિકતાના ધોરણે આગળ વધી આગામી બે વર્ષમાં નારગોલ બંદરને ગુજરાતના પ્રથમ હરોળના બંદરોની યાદીમાં સ્થાન અપાવે તેવી સમિતિ ભલામણ કરે છે.**

૬. ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત અહેવાલના ભલામણ ફકરા ક્રમાંક:૬ અને ૭થી સમિતિએ કરેલ ભલામણ સંબંધમાં વિભાગે મોકલાવેલ લેખિત જવાબ તથા તા.૧૮/૧૨/૨૦૨૩ના રોજની સમિતિની બેઠક દરમ્યાન સમિતિ સમક્ષ વિભાગ/નિગમના પ્રતિનિધિએ કરેલ મૌખિક રજૂઆત અંગે વિગતવાર ચર્ચા કર્યા બાદ સરકાર/બોર્ડે લીધેલાં પગલાં અંગે સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હતો અને ઉક્ત બન્ને ભલામણોનો નિકાલ કર્યો હતો. આથી સમિતિએ આ બાબતે આગળ કંઇ કરવાનું રહેતું નથી.

૭. પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિએ તેની તા. ૦૭/૦૨/૨૦૨૪ ના રોજની બેઠકમાં ઉક્ત ત્રીજા અહેવાલના મુસદ્દા પર ચર્ચા વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

૮.	સમિતિની બેઠકમાં હાજર રહેનાર વિભાગ તેમજ બોર્ડના પ્રતિનિધિઓએ સમિતિને તેના કામકાજમાં કરેલ સહકાર બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૯.	ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારી/કર્મચારીઓએ સમિતિના કામકાજમાં કરેલ સહાયની સમિતિ કદર કરે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા.૭–૨–૨૦૨૪**

**ગણપતસિંહ વસાવા**
**પ્રમુખશ્રી,**
**જાહેર સાહસો માટેની સમિતિ**

**પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના ત્રીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ/અવલોકનનો સારાંશઃ**

| અ.નં. | ફકરા ક્રમાંક | ભલામણ/અવલોકનનો સારાંશ |
|---|---|---|
| ૧ | ૪ | સમિતિને માછીમારી રોજગારીના વિકાસ માટે જેટીઓના વિસ્તૃતીકરણની તાતી જરૂરિયાત જણાય છે આથી મત્સ્યોદ્યોગ ખાતાના પરામર્શમાં જાફરાબાદ અને પીપાવાવ ખાતે જેટીઓના એક્ષપાન્શન માટે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ૫ | સમિતિને લાગે છે કે નારગોલ બંદરના વિકાસ માટે સરકાર/બોર્ડને નાના-મોટા અવરોધો જણાયા છે પરંતુ તેને દૂર કરવા બોર્ડ જયારે નોલેજેબલ એજન્સીની તેમજ પોતાની આંતરિક સમિતિની સેવાઓ લઈને આ બાબતે પુન: પ્રયાસો કરી રહ્યું છે તેમજ સરકાર પણ નારગોલ બંદરના વિકાસ માટે પાછલા ઘણા વર્ષોથી જહેમત ઉઠાવી રહી છે ત્યારે આ યોજનાને સાકાર કરવા તથા દક્ષિણ ગુજરાતના વિકાસને અગ્રેસર બનાવવાની દિશામાં વિભાગ/બોર્ડ પ્રાથમિકતાના ધોરણે આગળ વધી આગામી બે વર્ષમાં નારગોલ બંદરને ગુજરાતના પ્રથમ હરોળના બંદરોની યાદીમાં સ્થાન અપાવે તેવી સમિતિ ભલામણ કરે છે. |

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.